

સ્ટાર ફોક્સ

# બોલિવુડમાં મને આઉટસાઈડર જેવું લાગ્યું જ છે : આયુષ્માન ખુરાના

**● તમને એ ક્ષણ યાદ છે જ્યારે તમને લાગ્યું હતું કે "આ વસ્તુ ફક્ત એક શોખ કરતાં વધુ છે?**

હા - આવી તો ઘણી ક્ષણો છે. પણ જ્યારે હું રેડિયો અને એન્કરિંગ કરતો હતો - તે સ્મૉલ ઑડિયન્સ, સ્મૉલ સ્ટેજ ત્યારથી જ હું હંમેશા જાણતો હતો કે મને વાર્તા કહેવા (એક્ટિંગ) અને સંગીત બંને તરફ આકર્ષણ છે. જો કે મને ક્યારેય વિશ્વાસ નહોતો કે બંને રસ્તાઓ ભળી જશે, પરંતુ તે સમયે એ કામ મને કહેતું આ ફક્ત એન્ટરટેઈન્મેન્ટ નથી.

**● સંગીત વિશે વાત કરીએ. એ તમારી ક્રેએટિવ પ્રોસેસમાં કેવી રીતે હોય છે?**

સંગીત મારા માટે થેરેપી છે. હું સામાન્ય રીતે જ્યારે હું એકલો હોઉં છું અથવા મુસાફરી કરું છું ત્યારે લખું છું અને કંપોઝ કરું છું. જ્યારે તમે ખૂબ મહેનત ન કરો ત્યારે જ બેસ્ટ સૂર આવે છે. હું હજી પણ રોચક કોહલી સાથે કોલૅબ કરું છું - જે અમારી કોલેજના દિવસોથી ચાલે છે. અમે એકબીજાના મૌનને સમજીએ છીએ. જ્યારે પણ હું ઈમોશનલી રીતે ફિલ્મોમાં અભિનય કરું છું, ત્યારે હું મારા આત્માને શાંત કરવા માટે સંગીત તરફ વળું છું.

**● તમને પણ રિજેક્શનનો સામનો કરવો પડ્યો છે - તે શરૂઆતની 'ના'ને કેવી રીતે સ્વીકારી?**

ક્યારેક આ રિજેક્શન તમને સફળતા કરતાં વધુ શીખવે છે. મને યાદ છે કે ઈન્ડિયન આઈડલ 2 માટે ઓડિશન આપવું, ચોક્કસ રાઉન્ડ સુધી પહોંચવું અને પછી કટ થવું. તેનાથી હું નિરાશ થવાને બદલે તેને સેલિબ્રેશન તરીકે જોયું: હું શું ફેરફાર કરીશ, જ્યારે હું પાછળથી રેડિયો જોકી, હોસ્ટ, થિયેટર કરતો, ત્યારે તે બધા અનુભવોએ અલગ અન્ડરસ્ટેન્ડિંગ આપી - પર્ફોર્મન્સ, ઑડિયન્સ, અવાજ અને જ્યારે વિકી ડોનર અને પાણી દા રંગ આવ્યા, ત્યારે ગાવાનું રિજેક્શને જ મને વધારે આત્મવિશ્વાસ સાથે આગળ વધારવામાં મદદ કરી.

**● તમારી ફિલ્મ પસંદગીઓને ઘણીવાર 'વિચિત્ર' અથવા 'સંદેશ આપતી પણ એન્ટરટેઈનીંગ' હોય છે. તમે તે બેલેન્સ કેવી રીતે જાળવી રાખો છો?**

હું એવી સ્ક્રિપ્ટો તરફ આકર્ષિત છું જ્યાં સંદેશ હોય પણ ઉપદેશ નથી. જો સ્ટોરી ટેલિંગ મેથડ મજબૂત હોય, તો તે મેસેજથી વિચલિત થવાને બદલે વધારે છે. પરંતુ મેં હમણાના સમયમાં એમ પણ કહ્યું છે કે હું થોડો બદલાઈ રહ્યો છું - કદાચ અમુક વિષયોથી થોડો દૂર જઈ રહ્યો છું, જોકે હું મારી જાતને વિચિત્ર અથવા ઑફ બીટ ફિલ્મથી દૂર નહીં રાખું. મારો વિચાર હજુ પણ ઈન્ટરેસ્ટિંગ સિનેમામાં મૂળ રહેવાનો છે, પણ એવી વાર્તાઓમાં પણ જે માસ પબ્લિક સાથે જોડાય. મને હંમેશા લાગ્યું છે કે કલાએ મનોરંજન કરવું જોઈએ અને વિચારને ઉત્તેજિત કરવો જોઈએ. પછી ભલે તે વિકી ડોનર હોય, આર્ટિકલ 15, બાલા હોય કે ડ્રીમ ગર્લ, આ દરેક ફિલ્મોએ તે સાબિત કર્યું છે.

**● તમે હમણાં સ્ક્રિપ્ટ પસંદ કરવામાં 'સ્ટ્રેટર્જીક બ્રેક' લેવાનો ઉલ્લેખ કર્યો છે. તમારો મતલબ શું હતો?**

યાર બ્રેક જરૂરી હતો. ઘણી બધી સંદેશ-આધારિત ફિલ્મો કર્યા પછી, મને લાગ્યું કે મેં મારી જાતને રિપીટ કરવાનું શરૂ કરી દીધું છે. તેથી મેં ફરવા, મારા પરિવાર સાથે સમય વિતાવવા અને કેમેરાના પ્રેશર વિના જીવન જીવવા માટે સમય કાઢ્યો. જ્યારે તમે ધીમા થાઓ છો, ત્યારે તમે તમારી આર્ટિસ્ટિક ભૂખને ફરીથી શોધો છો. હવે હું મારા આગામી પ્રોજેક્ટ્સ વધુ સહજ છું

**● તમારી આવી રહેલી ફિલ્મ 'થામા' વિશે જણાવો.**

હા, થામા એક હોરર-રોમાંસ છે, હું નવી વસ્તુઓ અજમાવવામાં માનું છું - એવી શૈલીઓ જે લોકો મારી પાસેથી અપેક્ષા રાખે છે તેના કરતા અલગ હોય છે. હું મારી જાતને પુનરાવર્તન કરવા માંગતો નથી. થામા એ એવા નવા શેડ્સ શોધવાની તક છે જે મેં પહેલાં ક્યારેય કરી નથી.

**● તમે કેટલાક શ્રેષ્ઠ દિગ્દર્શકો સાથે કામ કર્યું છે - શૂજિત સરકાર, શ્રીરામ રાઘવન, અનુભવ સિંહા. તેમની વચ્ચે એક સામ્યતા શું છે?**

તેઓ બધા નિર્ભીક વાર્તાકારો છે. શૂજિત દાએ મને મારી પહેલી ફિલ્મ (વિકી ડોનર) આપી હતી જ્યારે કોઈ મારા પર વિશ્વાસ કરતું ન હતું. અનુભવ સિંહાએ મને બતાવ્યું કે સિનેમા રાજકીય છતાં વ્યક્તિગત કેવી રીતે હોઈ શકે છે અને શ્રીરામ રાઘવન - તે એક જાદુગર છે. તે સંવાદ કરતાં મૌન પર વધુ વિશ્વાસ કરે છે. આ દિગ્દર્શકોએ મને શીખવ્યું કે 'ઓછું વધારે છે'.

**● તાહિરા કશ્યપએ તમારી સક્સેસમાં કેવી રીતે સાથ આપ્યો?**

તાહિરા મારી સૌથી મોટી ટીચર છે. તેની પાસે અપાર EQ છે. જ્યારે હું ખોવાઈ જાઉં છું, ત્યારે તે મને આધાર આપે છે; જ્યારે હું ડરી જાઉં છું, ત્યારે તે મને દબાણ કરે છે. અમે 1980 થી સાથે છીએ. અમે એકબીજાની નિષ્ફળતાઓ, અસલામતી, પરિવર્તનો જોયા છે. તે મારો અરીસો છે અને ક્યારેક અરીસો અસ્વસ્થ હોય, પરંતુ તે જ તમને વાસ્તવિક રાખે છે.

**● બોલિવૂડે તમને કયો પાઠ શીખવ્યો?**

ધીરજ. આ ઈન્ડસ્ટ્રીમાં, સફળતા કાયમી નથી અને ન તો નિષ્ફળતા. તમે બંનેને ખૂબ ગંભીરતાથી લઈ શકો નહીં. બોલિવૂડે મને શીખવ્યું છે કે સમય જ બધું છે - જીવનમાં અને સિનેમામાં.

**● બોલિવૂડમાં હંમેશા 'આઉટસાઇડર્સ' વિશે વાત થાય છે. તમારો શું અભિપ્રાય છે?**

મને આઉટસાઈડર્સ જેવું લાગ્યું છે - ફિલ્મ પરિવારમાંથી નહીં હોવાને કારણે મારો પોતાનો રસ્તો બનાવવો પડે છે. તે એકલું, કોઈક વાર અન્યાયી, મૂંઝવણભર્યું હોઈ શકે છે. પરંતુ આ તમને એક દૃષ્ટિકોણ પણ આપે છે જે થોડા લોકો પાસે જ છે. મેં આગળ પણ તેના વિશે, સેન્સિટિવ બનવા વિશે વાત કરી છે, તે સ્ટ્રગલે મારી પસંદગીઓને કેવી રીતે આકાર આપ્યો તે વિશે. તો વિચાર એ છે કે તે સહાનુભૂતિને એનર્જીમાં બદલવી.

**● જૂના આયુષ્માનને કંઈ કહેવા માંગો છો?**

ઘણી બધી વાતો. તેમાંથી એકઃ ધીમે ધીમે આગળ વધવું. તમારે દરેક ક્ષણે ઓવરડ્રાઈવ કરવાની જરૂર નથી. થોભો, વિચાર કરવું ઠીક છે. મેં લખ્યું હતું કે દમ લગા કે હૈશાની એનીવર્સરી પર વિચારતી વખતે, હું કેટલો બેચેન હતો, મેં કેટલું પ્રેશર સહન કર્યું. હું તેને એમ પણ કહીશઃ તમારી સહજતા પર વિશ્વાસ કરો, પણ શીખવા માટે પણ ખુલ્લા રહો. રસ્તો ક્યારેય સીધો નથી હોતો.

**● આજે 'સફળતા'ને કેવી રીતે માપો છો?**

મારા માટે ફક્ત બોક્સ ઓફિસ કે એવોર્ડ્સ જ સફળતા નથી. તે એવા કામ વિશે છે જેના પર મને ગર્વ થાય છે, મારી પસંદગીઓ સાથે શાંતિથી રહેવું, ઘોંઘાટીયા દુનિયામાં પોતાની જાત પ્રત્યે વફાદાર રહેવાની ક્ષમતા. તે એવા લોકો વિશે પણ છે જેમને હું પ્રેમ કરું છું, મારા બાળકો માટે હું જે વારસો છોડીને જાઉં છું - કે તેઓ ફક્ત એક સ્ટાર જ નહીં પણ એવી વ્યક્તિને જુએ છે જેણે કાળજી લીધી છે, એવી વ્યક્તિને જુએ છે જેણે પ્રયાસ કર્યો છે. ●

## મેડડોક ફિલ્મનાં હોરર યુનિવર્સ સામે ભલભલા પ્રોડક્શન હાઉસ ડરવા લાગ્યા છે

2025 માં કોઈ સુપરહિટ રહ્યું હોય તો તે ના તો કોઈ એક હિરો છે ના તો હિરોઈન, ડિરેક્ટર, સિંગર કોઈ જ નહીં પણ ફિલ્મ બનાવતું પ્રોડક્શન હાઉસ મેડડોક ફિલ્મ્સ 2025માં જબરદસ્ત રીતે થિયેટરોમાં છવાયેલું રહ્યું. ખાસ કરીને તેના હોરર યુનિવર્સ સામે ભલભલા જૂના ફિલ્મ પ્રોડક્શન હાઉસ ધ્રૂજી ગયા છે. નવી વાર્તા, નવા સ્ટન્ટ, ગીત, સંગીત, મીમનાં અસાધારણ મિશ્રણ સાથે તેમની ફિલ્મો ઑડિયન્સ અને બોક્સ-ઓફિસ બંનેની ફેવરિટ બની છે.

આ વાતની સાબિતી આપતા 2025માં આવેલી તેમની ફિલ્મ્સની યાદી જુઓ -

છાવા, સ્કાય ફોર્સ, ભૂલ ચૂક માફ, પરમ સુંદરી, તેહરાન, અને હવે દિવાળીએ મેડડોક હોરર કોમેડી યુનિવર્સનો પાંચમો ભાગ થામા, જેમાં આયુષ્માન ખુરાના અને રશ્મિકા મંદન્ના, નવાઝુદ્દીન સિદ્દીકી અને પરેશ રાવલ મહત્વપૂર્ણ ભૂમિકાઓમાં છે. કોવિડ બાદ હજી પણ ફિલ્મો પૈસા બાબતે બોક્સ ઓફિસ પર ઠીકઠીક પરફોર્મ કરે છે ત્યારે તેમની કમાણી બતાવે છે કે મેડડોક ફિલ્મ્સને આ બધાથી ફરક નથી પડ્યો. તેની બધી ફિલ્મોએ 2020 થી કુલ 1836 કરોડની કમાણી કરી છે, 2025 ની ગણતરી બાદ તો 2000 કરોડને પાર કરવાની અપેક્ષા આપી છે. સ્ત્રી 2 (800 કરોડ) અને છાવા (615 કરોડથી વધુ) જેવી મેગા બ્લોકબસ્ટર હિટ ફિલ્મો આપી છે, જ્યારે મધ્યમ બજેટના પ્રોજેક્ટ્સે પણ ખૂબ સારું પ્રદર્શન કર્યું.

ટ્રેન્ડિંગ

આ બધામાં મેડડોકનું હોરર કોમેડી યુનિવર્સ એ 'ગેમ ચેન્જર' બન્યું છે. સ્ત્રી, ભેડિયા, મુંજ્યાથી લઈને આવી રહેલી થામા સુધી આનો હિસ્સો છે. ભારતીય લોકકથાઓમાં મૂળ ધરાવતી એકબીજા સાથે જોડાયેલી વાર્તાઓ છે. આ હોરર યુનિવર્સ ની સફળતાએ મોટા સ્ટાર્સને મેડડોક પ્રોડક્શન્સમાં જોડાવા માટે ઉત્સુક બનાવ્યા છે, તેની અપીલ વધારી છે તેના આ નવા ખ્યાલો અને ફિલ્મો સાથે જોડાવા હવે તો બધા જ ફિલ્મસ્ટાર્સ આતુર છે. જ્યારે બીજા પ્રોડક્શન હાઉસ નુકસાનનો




સામનો કરી રહ્યા છે અથવા સ્થિર થઈ રહ્યા છે, ત્યારે મેડડોકના મજબૂત બોક્સ ઓફિસ આંકડા અને ક્રિએટિવ રિસ્ક એ કોમ્પિટિટિવ મોડ ઉમેર્યો છે અને આ સ્ટુડીઓ એ તો 2028 પોતાની ફિલ્મોના ટાઇટલ જાહેર કરી દીધા છે જેથી ઑડિયન્સ અને બીજા પ્રોડક્શન હાઉસીસ પ્લાન બનાવી શકે જેમાં - શક્તિ શાલિની, ભેડિયા 2 (ઓગસ્ટ 2026 ચામુંડા (ડિસેમ્બર 2026) સ્ત્રી 3 (ઓગસ્ટ 2027) મહા મુંજ્યા (ડિસેમ્બર 2027) પહલા મહાયુદ્ધ અને દૂસરા મહાયુદ્ધ (2028): હોરર યુનિવર્સના છેલ્લા ચેપ્ટર છે.

આ બધાની પાછળ જે વ્યક્તિ છે તે દિનેશ વિજન. જેણે ફિલ્મોમાં કારકિર્દી બનાવવા માટે 2004માં પોતાની બેંકિંગ નોકરી છોડી દીધી. 2007 થી 2014 સુધી, તેમણે સૈફ અલી ખાન સાથે પ્રોડક્શન હાઉસ ખોલ્યું, ઈલુમિનેટી ફિલ્મ્સનો કો-ફાઉન્ડર હતો. જોકે, એજન્ટ વિનોદ અને હેપ્પી એન્ડિંગની ફ્લોપ પછી અલગ થઈ ગયા. મેડડોક ફિલ્મ્સ ખોલી આ બેનર હેઠળ 35થી વધુ ફિલ્મો બનાવી કર્યું. ●

## હું હંમેશા કોન્ફિડન્ટ હોવ છું એ મોટી ગેરસમજ છે

શો શા

ક્રિતી સેનન અને તેના ફેન્સ અત્યારે ખૂબ ખુશ હતે જો તે ફિલ્મફેર જીતી હતે તો. 2024માં જે રીતે તેની ફિલ્મો આવી તે જોતા લાગતું હતું કે મજબૂત દાવેદાર છે પણ ચૂકી ગઈ. તો આ વર્ષે આવી રહેલી તેરે ઈશ્ક મેં ફિલ્મે તો ત્યારેથી જ બઝ ક્રિએટ કર્યો છે. ચોક્કસ ક્રિતીને ફાયદો થવાનો એટલે 2025માં એવોર્ડ મળે તેવી આશા હશે જ. પણ ક્રિતીને ફિલ્મો પૂરતી સીમિત કેમ જાણવી? તે વહેલી ઉઠેકે મોડી? કઈ આદતથી પરેશાન છે, કમ્ફર્ટ ફૂડ શું તે? વાંચો...

**ચા કે કોફી?**
કોફી - જાગવા માટે અને ચા - આરામ કરવા માટે.

**સૌથી મોટો ડર?**
જેઓ મારી પાસે આવ્યા છે એ લોકોને નિરાશ કરવાનો ડર.

**ભારતમાં એક એવી જગ્યા જ્યાં તમે જવા માંગો છો પણ હજુ સુધી ગયા નથી?**
કાશ્મીર અથવા હિમાલયમાં નોર્થમાં ક્યાંક દૂર.

**મનપસંદ કમ્ફર્ટ ફૂડ?**
કંઈક પંજાબી, અથવા સાદી ઘરે બનાવેલી દાળ-રોટલી.

**કમ્ફર્ટ આઉટફિટ?**
જીન્સ + કમ્ફર્ટેબલ કોટન ટોપ, સ્નીકર્સ;

**અર્લી બર્ડ કે નાઈટ આઉલ?**
કદાચ ક્યાંક વચ્ચે - એટલે કામ કરતી વખતે નાઈટ આઉલ; જ્યારે બહાર નીકળો ત્યારે અર્લી બર્ડ.

**જો તમે અભિનેતા ન હોત, તો શું કરતા હોત?**
એન્જિનિયરિંગ ભણી છું - તો કદાચ ડિઝાઈન, આર્કિટેક્ચર અથવા પડદા પાછળના કામમાં કંઈક.

**લોકોને તમારા વિશે સૌથી મોટી ગેરસમજ શું છે?**
એ જ કે હું હંમેશા કોન્ફિડન્ટ અને કમ્પ્લીટ છું - પણ પાછળ તો શંકા અને સંઘર્ષ હોય છે.

**એક આદત જેને તમે છોડવા માંગો છો?**
કદાચ ફોન વધુ પડતો ચેક કરવો અથવા ઓવરથીન્ક કરવાને.

**મનપસંદ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ?**
ઈન્સ્ટાગ્રામ, તેના - ફોટા, રીલ, કનેક્ટિંગ માટે અને કોન્ટેન્ટ માટે યુટ્યુબ

**તમારી કઈ ફિલ્મ પર તમને સૌથી વધુ ગર્વ છે?**
મીમી - તે કેટલી પડકારજનક હતી અને તેને કેવી રીતે મળી તેના માટે. ●

